# સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક

# શિક્ષણ સહાયક ભરતી–૨૦૨૪ અન્વયે અરજી પત્રકમાં સુધારા માટેની સૂચનાઓ

- રાજ્યની સરકારી તથા બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી – ૨૦૨૪ અન્વયે તા.૦૭/૧૨/૨૦૨૪ના રોજ જનરલ મેરીટ લિસ્ટ જાહેર કરવામાં આવેલ છે.
- આ જનરલ મેરીટ લિસ્ટ સંદર્ભે કેટલાક ઉમેદવારો દ્વારા ઓનલાઇન અરજી કરવામાં ભૂલો (જાતિ, જેન્ડર, નામ, લાયકાત) થયેલ હોવાની રજૂઆતો મળેલ છે તેમજ કેટલાક ઉમેદવારો દ્વારા શરતચૂકથી અરજી ફોર્મ વિડ્રોઅલ થઇ ગયાની રજૂઆત પણ મળેલ છે, જેથી જનરલ મેરીટ લિસ્ટમાં તેઓનો સમાવેશ થયેલ નથી.
- સરકારી તથા બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી – ૨૦૨૪ના રજિસ્ટર થયેલ ઉમેદવારો પૈકી જે ઉમેદવારો પોતાની અરજી પત્રકની વિગતોમાં સુધારો કરવા ઇચ્છતા હોય તે ઉમેદવારોને સુધારા માટેની તક પુરી પાડવાના હેતુસર તેમજ જે ઉમેદવારોના ફોર્મ વિડ્રોઅલ થયેલ છે તે ઉમેદવારો પણ પોતાના ફોર્મ ભરી ફી ભરી શકે તેવા જાહેર હેતુસર **તા.૦૯/૦૧/૨૦૨૫ થી તા. ૧૧/૦૧/૨૦૨૫ ના રોજ રાત્રે ૧૧.૫૯ કલાક** સુધી અરજી પત્રક માટેની https://www.gserc.in/ વેબસાઇટ ખુલ્લી મૂકવામાં આવે છે.
- **જે માટે નીચે મુજબની સુચનાઓ ધ્યાને લેવાની રહેશે,**
  - કોઇપણ ઉમેદવારનું નવેસરથી રજીસ્ટ્રેશન કરી શકશે નહીં.
  - જે ઉમેદવારોનું રજીસ્ટ્રેશન થયેલ છે તે ઉમેદવારો પોતાના લોગીન ક્રેડેન્શીયલથી લોગીન કરી પોતાની અરજીની વિગતોમાં સુધારો કરી શકશે તથા વિડ્રોઅલ થયેલ ફોર્મ પુન: ભરી શકશે. પુન: ભરેલ ફોર્મ માટે ફરીથી ફી ભરવાની રહેશે. ફી ભરેલ અંતિમ Save થયેલ અરજી જ માન્ય ગણાશે.
  - અરજી કરેલ તમામ ઉમેદવારોએ અરજી ફોર્મ અને ફી રિસિપ્ટ નવેસરથી ડાઉનલોડ કરવાના રહેશે અને આ ડાઉનલોડ કરેલ અરજી ફોર્મ અને ફી રિસિપ્ટ ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે રજૂ કરવાના રહેશે.
  - જે ઉમેદવારોને અરજી ફોર્મમાં વિગતોમાં કોઈ સુધારો કરવાનો ન હોય તેવા ઉમેદવારોએ પણ નવેસરથી અરજી ફોર્મ અને ફી રિસિપ્ટની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે.
  - **તા.૧૧/૦૧/૨૦૨૫ ના રોજ રાત્રે ૧૧.૫૯ કલાક** બાદ અત્રે અરજી સંબંધે ઉમેદવારોની કોઇપણ રજૂઆત અત્રે ધ્યાને લેવામાં આવશે નહીં.